## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



લખો.. હું કોઈપણ ભોગે દેશનો વિકાસ ઈચ્છુ છું... તેના માટે વિરોધ પક્ષ છોડીને સામે પણ કેમ જતું રહેવું ન પડે...!!

# બિનસરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયામાં વ્યાપક ભ્રષ્ટ્રાચારની આશંકા

**માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકની ભરતીમાં ચોથા રાઉન્ડમાં મેરિટ ઘટવાને બદલે વધ્યુ : વેબસાઈટ પરથી ઓનલાઈન મુકવામાં આવતી માહિતી હટાવી દેવાતા ઉમેદવારોમાં રોષ**

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના ગુજરાત રાજ્ય ભરતી વર્ષ-૨૦૧૬માં ચાલતી શિક્ષણ સહાયકની ભરતી ભ્રષ્ટ્રાચાર આચરાઈ રહ્યો હોવાની શંકા સેવાઈ રહી છે. શિક્ષણ સહાયકની ભરતીના ચોથા મેરિટમાં હિન્દી વિષયના ઓપન મેલ કેટેગરી માટેનું મેરિટ ઘટવાને બદલે આશ્ચર્યજનક રીતે વધેલુ દર્શાવાતા ઉમેદવારો ચોંકી ઉઠ્યા છે. આ બાબતે રજૂઆત કરવા રાજ્યના અનેક વિભાગોમાંથી આજે ઉમેદવારો દોડી આવ્યા હતા અને શિક્ષણ નિયામકને મળીને રજૂઆત કરી હતી.

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકમાં શિક્ષણ સહાયની ભરતીના પહેલા, બીજા અને ત્રીજા રાઉન્ડમાં કુલ જગ્યાઓ, પસંદગી યાદી, મેરિટ નંબર, ફાળવેલ જગ્યાઓ વગેરે સહિતની માહિતી વેબસાઈટ પર ઓનલાઈન મુકવામાં આવી હતી પરંતુ ચોથા રાઉન્ડમાં આ પ્રકારની કોઈ જ વિગત ઓનલાઈન મુકવામાં ના આવતા ઉમેદવારો મુંઝવણમાં મુકાયા છે. વળી ત્રણેય રાઉન્ડમાં જિલ્લા પસંદગી ન કરી હોઈ તેવા ઉમેદવારોને ચોથા રાઉન્ડમાં પણ જિલ્લા પસંદગી કરવા આપી છે પરંતુ વેબસાઈટ પર દર્શાવેલ સૂચના મુજબ એકવાર



જિલ્લા પસંદગીનો હક જતો કરનાર ઉમેદવારને ફરી હકદાવો મળશે નહી. આમ નિયત વિરૂદ્ધ ચોથા રાઉન્ડના ઉમેદવારોને જિલ્લા પસંદગીનો અવકાશ આપવા પાછળ ભરતી પ્રક્રિયામાં કંઈક રંધાઈ રહ્યુ હોવાની શંકા ઉપજાવે છે.

ત્રીજા રાઉન્ડમાં હિન્દી વિષયનું મેરિટ ઓપન મેલ કેટેગરી માટે ૬૫.૬૪ ટકા હતુ જે ચોથા રાઉન્ડમાં ઘટવાને બદલે આશ્ચર્યજનક રીતે વધીને ૬૯.૧૨ ટકા દર્શાવાયુ હતુ જે સ્પષ્ટપણે દર્શાવે છે કે ભરતી પ્રક્રિયામાં ભ્રષ્ટ્રાચાર આચરવામાં આવી રહ્યો છે અને ભરતી પ્રક્રિયાના સંચાલકો દ્વારા મળતિયાઓને ગોઠવી દેવાનો કારસો રચવામાં આવી રહ્યો છે. આજે રાજ્યભરમાંથી ઉમટેલા શિક્ષણ સહાયકના ઉમેદવારો જો નાયબ શિક્ષણ નિયામક બી.કે. ત્રિવેદીને મળીને રજૂઆત કરી હતી અને ઉપરોક્ત ફરિયાદ સાથે ખાલી જગ્યાઓની વિગતો માંગી હતી. પરંતુ સિનિયર ક્લાર્ક જાદવે આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. અંતે ઉમેદવારોએ ભરતીના ચોથા રાઉન્ડની સાચી માહિતી વેબસાઈટ પર ના મુકાય ત્યાં સુધી ભરતીપ્રક્રિયા સ્થગિત કરવા માંગ કરી છે અને પારદર્શિતા સાથે ચોથો રાઉન્ડ બહાર પાડવા માંગણી કરી છે.

# ટેક્ષટાઈલ ઈન્ડીયાની યોજાનાર કોન્ફરન્સ માટે ચાર સ્થળે પાર્કીંગ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં આગામી તા. ૨૯ જુનથી ટેકસટાઈલ ઈન્ડીયા કાર્યક્રમનો પ્રારંભ થવાનો છે. આ કાર્યક્રમમાં ખાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહેવાના હોવાથી હજ્જારો મહેમાનો ગાંધીનગર શહેરના મહેમાન બનશે.ત્યારે મહેમાનોની કાર માટે તંત્ર દ્વારા ખાસ ચાર સ્થળો પર પાર્કીંગ પેલેસ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં ટેક્સટાઈલ ઈન્ડીયાની મુલાકાતે આવનાર મુલાકાતીઓએ પોતાની કાર પાર્કીંગમાં મુકવાની રહેશે. જેથી શહેરના નાગરીકોને એકઝીબેશનને કારણે કોઈ સમસ્યા ઉભી ના થાય તે માટે તંત્ર દ્વારા ખાસ તકેદારી લેવામાં આવી છે.

ગાંધીનગર શહેરના મહાત્મા મંદિર ખાતે ટેક્ષટાઈલ ઈન્ડીયા એકઝીબિશનના કાર્યક્રમનું આયોજન કરાયું છે. સેકટર-૧૭ એકઝીબિશન હોલ ખાતે આયોજીત વિવિધ સ્ટોલની મુલાકાત માટે હજ્જારો મુલાકાતીઓ ભારતભરમાંથી આવશે. ત્યારે ગાંધીનગરની પ્રજા અને મુલાકાતીઓને વાહન મુકવામાં અગવડતા પડે નહીં તેમજ નાગરીકોને પણ માર્ગ પર મુકવામાં આવતા વાહનનો ખડકલો નડતરરુપ બને નહી તે માટે ખાસ ચાર સ્થળો પર પાર્કીંગનું આયોજન કરાયું છે. જયારે શહેરમાં કાર્યક્રમોને પગલે સેકટરના માર્ગો તેમજ મુખ્ય માર્ગો પર ગાડીઓના ખડકલાના દ્રશ્યો જોવા મળે છે.જેને પગલે ટ્રાફિક પોલીસની કામગીરી પણ વધી જવા પામી છે. ત્યારે શહેરના સેકટર-૧૧, ૧૩, ૨૨ અને ૧૫ ગ્રાઉન્ડ વિસ્તારમાં પાર્કીંગની વ્યવસ્થા તંત્ર દ્વારા ગોઠવવામાં આવી છે. સેકટર-૧૭ એકઝીબિશન હોલ ખાતે આવનાર મુલાકાતીઓએ પોતાની કાર જે તે નિયત કરેલા પાર્કીંગમાં મુકવાની રહેશે. જયારે પાર્કીંગથી મહાત્મા મંદિર તેમજ એકઝીબિશન હોલ સુધી લાવવા લઈ જવાની વ્યવસ્થા પણ તંત્ર દ્વારા કરવામાં આવે તેવી શકયતા છે. ત્યારે ટેક્ષટાઈલના કાર્યક્રમમાં આવનાર મહેમાનોને કોઈપણ જાતની તકલીફ ના પડે તેનુ ખાસ તંત્ર દ્વારા ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

# ગણોતીયાને મળેલ જમીન પર ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત ૩૧મી ઓગષ્ટ સુધી લંબાવાઈ

ગણોતધારા હેઠળ ગણોતીયાને મળેલ જમીન પર ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત તા.૩૧મી ઓગષ્ટ, ૨૦૧૭ સુધી લંબાવવામાં આવી છે, તેવું જમીન સુધારણા નાયબ કલેકટરશ્રીએ જણાવ્યું છે.

જમીન સુધારણા નાયબ કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું છે કે, બાકી રહેલ ખરીદ કિંમતની રકમ ભરપાઈ કરી ગણોતીયા માલિકી હક્ક મેળવી શકે છે. ગણોતધારા હેઠળ મળેલ જમીનોની ખરીદ કિંમત ભરવાની બાકી હોય તેવા ખાતેદારોની યાદી સંબંધિત મામલતદાર કચેરી ખાતે નોટિસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવામાં આવી છે. જેથી ગાંધીનગર જિલ્લામાં જે ગણોતીયાઓએ ખરીદ કિંમત હજી સુધી ભરી નથી, તેવા ગણોતીયાઓએ તા. ૩૧મી ઓગષ્ટ, ૨૦૧૭ સુધીમાં અચૂકથી ખરીદ કિંમત ભરવા સબંધિત ગામના તલાટી/મામલતદાર કચેરીએ સંપર્ક કરી ખરીદ કિંમત ભરી દેવા પણ જણાવ્યું છે.

# ગાંધીનગરમાં શાળા સલામતી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ

**બાયસેગ-સેટેલાઇટ માધ્યમથી રાજ્યભરના શિક્ષકો શાળાઓ-જિલ્લાતંત્રોએ મુખ્યમંત્રીનુ પ્રેરણા માર્ગદર્શન મેળવ્યું**

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં કુદરતી આપદા-આપત્તિના પડકારને અવસરમાં



પલ્ટાવવા સજ્જ ભાવિ પેઢી તૈયાર કરવાની પ્રતિબધ્ધતા દર્શાવી છે.

ગાંધીનગરમાં શાળા સલામતી સપ્તાહ તા. ૨૭ જૂનથી ૧ જુલાઈ-૨૦૧૭ની ઉજવણીનો રાજ્ય પ્રારંભ કરાવતાં વિજયભાઈ રૂપાણીએ જિલ્લા કલેકટરો, શાળાઓના શિક્ષકો, આચાર્યો, વિદ્યાર્થીઓને બાયસેગ સેટેલાઈટના માધ્યમથી માર્ગદર્શન આપ્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ એમ પણ કહ્યું કે, ગુજરાત આપત્તિને આશીર્વાદમાં પલ્ટાવવાની તથા વ્યથા નહિં વ્યવસ્થાની આગવી ખૂમારી ધરાવતું રાજ્ય છે.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, આપત્તિનો ભોગ બહુધા બાળકો અને વૃધ્ધો-વરિષ્ઠ વડીલો બનતા હોય છે. બાળકોને શાળામાં મોકડ્રીલ, આપત્તિ વ્યવસ્થાપનના નિદર્શનો દ્વારા શિક્ષકો, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટ્રેઈનર્સ તાલીમ આપીને પ્રશિક્ષિત કરી બાળકોના માધ્યમથી તેમના વડીલો, માતા-પિતા અને સમાજને આપત્તિ સામે નિપટવા તૈયાર કરી શકાય તેવી નેમ આપણે રાખી છે. ભવિષ્યના નાગરિક એવા બાળકોમાં જો આપત્તિ સામે લડવાની, પડકારોને પાર પાડવાની જાગૃતિ તાલીમ આપીને કેળવીશું તો આવી વિપદાથી થતા મોટા નુકશાન-જાનહાનિથી બચી શકાશે.



સેક્ટર-૨૪ અને ૨૫ના પાણીના પ્રશ્ને કોર્પોરેટર અંકિત બારોટના નેતૃત્વમાં વસાહતીઓએ ઉગ્ર રજૂઆત કરી હતી. પાણીનો પ્રશ્ન નહીં ઉકેલાય તો વસાહતીઓએ આંદોલનની ચીમકી પણ આપી હતી. જોકે, કાર્યપાલક ઈજનેરે ટૂંકમાં સમયમાં પાણીની સમસ્યા હલ થઈ જશે એવી ખાતરી આપી હતી.

# ધણપ ગામ નજીક એક્ટિવામાંથી વિદેશી દારૂની ૨૪ બોટલ મળી

ગાંધીનગર, તા. ૨૭

ચિલોડા, હિંમતનગર, અમદાવાદ, ગાંધીનગર જેવા વિસ્તારોમાં વિદેશી દારૂની હેરાફેરી મોટા પ્રમાણમાં કરાઈ રહી છે. ત્યારે ચિલોડા પોલીસે હિંમતનગરથી ચિલોડા તરફ એક્ટિવામાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો બાતમી આધારે ઝડપી લીધો હતો.

પોલીસને બાતમી મળી હતી કે એક શખ્સ લાલ કલરના એક્ટિવામાં વિદેશી દારૂનો જથ્થો લઈને હિંમતનગર તરફથી ચિલોડા તરફ આવી રહ્યો છે ત્યારે ચિલોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.એસ. રાજપુત સહિત પોલીસના માણસોએ હાઈવે પર ધણપના પાટીયા નજીક નાકાબંધી કરી બાતમીવાળુ એકટીવા નં. જીજે.૨૭. બી.જે.૪૮૨૬ લઈને આવી રહેલ શખ્સ પોલીસને જોઈને એક્ટિવા મુકીને ભાગી છુટ્યો હતો. આ બાદ પોલીસે એક્ટિવામાં તપાસ કરતાં રૂ. ૭૨૦૦ની કિંમતની વિદેશી દારૂની ૨૪ બોટલ મળી આવી હતી. પોલીસે ભાગી છૂટેલા અજાણ્યા શખ્સ સામે ગુન્હો નોંધી વધુ તપાસ હે.કો. અમરતભાઈ ચલાવી રહ્યા છે.

# ચિલોડા સર્વિસ રોડ પર ક્રોસ કરી રહેલ શખ્સનું અજાણ્યા વાહનની ટકકરથી મોત

ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે ચિલોડાથી હિંમતનગર જવાના હાઈવે પર સર્વિસ રોડ ક્રોસ કરી રહેલ શખ્સને અજાણ્યા વાહનની ટકકરથી ગંભીર ઈજા પહોંચતા તેમનું મોત નિપજયું હતું.

હિંમતનગર મહાવીરનગર ખાતે રહેતા હમતાજી ભાણાજી વણઝારા હિંમતનગર તરફ જતા સર્વિસ રોડને ક્રોસ કરતા સમયે અજાણ્યા વાહને ટકકર મારતા ગંભીર ઈજાગ્રસ્ત હમતાજી વણઝારાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા પરંતુ ગંભીર ઈજા થયેલ હોવાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી રહ્યા હતા ત્યારે માર્ગમાં જ તેમનું મોત નિપજયું હતું. આ બનાવ અંગે ચિલોડા પોલિસે મૃતકના ભાઈ ગોપાલભાઈ વણઝારાની ફરિયાદના આધારે અજાણ્યા વાહનચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. આ અકસ્માત અંગે પીએસઆઈ એર.એસ. રાજપૂત તપાસ ચલાવી રહ્યા છે.



## ખેડુતોનું દેવુ માફ કરવા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા તંત્રને આવેદનપત્ર

ગુજરાત રાજયના ખેડુતો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. જેમાં હજુ સુધી ગામમાં સિંચાઈ માટે પાણી નથી મળતું, વિજળી પણ નથી મળતી, પાકના યોગ્ય પોષણક્ષમ ભાવ ઉપલબ્ધ નથી થઈ રહ્યા ત્યારે આ બધી સમસ્યાઓ માટે સરકારની નિતી રીતી જવાબદાર હોય તેવું લાગી રહ્યું છે. ખેડુતોના પાક વારંવાર નિષ્ફળ જાય છે તેમ છતા સરકાર તરફથી કોઈ વળતર ચુકવવામાં આવતું નથી. ત્યારે ગાંધીનગર તાલુકાના ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના સભ્યોએ મામલતદારને આવેદન પત્ર પાઠવી ખેડુતોનું દેવુ માફ કરવા રજુઆત કરી છે.

# સે-૨૪માં નવો બોર આજથી શરૂ થતા પાણી ફોર્સથી અપાશે

**સે-૨૬માં પણ ટૂંક સમયમાં નવો બોર શરૂ કરી દેવાશે**

ગાંધીનગર તા ૨૭

શહેરી વિસ્તારના ગામો સહીત જુના સે-૨૪ અને ૨૬ માં પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા નવા બે બોર બનાવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે આજે સે-૨૪ માં નવા બોર ચાલુ કરવામાં આવશે. જયારે સે-૨૬ માં ટુકમાં નવો બોર શરૂ કરી દેવાશે. જેથી જુના સેકટરોમાં પાણીની સમસ્યા હલ થઈ જશે.

શહેરી વિસ્તારના ગામોમાં ઘણાં દાયકાઓથી પાણીની સમસ્યા હલ થઈ નથી. જયારે પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા શહેરી વિસ્તારના પાંચ ગામોમાં નવા બોર બનાવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે .જયારે આગામી દિવસોમાં પાણીની નવી ટાંકી તેમજ અન્ડર ગ્રાઉન્ડ સંપ બનાવવા સહીત પાઈપલાઈન અપગ્રેડ કરવાનુ કામ પણ હાથ ધરાશે. શહેરી વિસ્તારના ગામો ઉપરાંત સેકટરોમાં પણ પાણીનો વિકટ પ્રશ્ન હલ કરવા માટે શહેરમાં બે ઠેકાણે નવા બોર બનાવામાં આવ્યા છે. જેમાં જુના સેકટરોમા સે-૨૪ અને સે-૨૬ માં પાણીનો નવો બોર બનાવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. સે-૨૪ માં નવો બોર આજથી શરૂ પણ કરી દેવાશે તેમ પણ તંત્રના અધિકારીઓએ જણાંવ્યુ છે. આ ઉપરાંત સે-૨૬ માં પણ પાણીનો નવો બાર તૈયાર છે. જયારે ટુંક સમયમાં આ ઠેકાણે પણ નવો બોર શરૂ કરવાની પ્રકીયા હાથ ધરાશે. જો કે આ ઠેકાણે હજુ લાઈટનુ જોડાણ બાકી છે. સે-૧૯ માં પણ નવો બોર તૈયાર કરી પાણીનો સપ્લાય વધારી દેવાયો છે. કોર્પોરેશન દ્વારા શહેરી વિસ્તારના ગામો ઉપરાંત બે સેકટરો સહીત કુલ ૭ નવા બોર બનાવવા માટે રકમ ફાળવવામાં આવી હતી. સે-૨૪માં હવે નિયમિત પાણીના સપ્લાય ઉપરાંત બોરના પાણીનો સપ્લાય પણ આપવામાં આવશે. જેથી ફોર્સથી પાણી મળી રહેશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

# છાલા ગામે માસુમ બાળકીનું સર્પદંશથી મોત

ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના છાલા ગામે સાંજના સમયે સીમમાં આવેલ બોરકૂવા પર રહેતા બનાસકાંઠા જિલ્લાના રહેવાસી હરદાસભાઈ ઠાકોરની પુત્રી માનસી (ઉ.વ. ૫) મકાનની બાજુમાં રમી રહી હતી ત્યારે ચાર વાગ્યાના સુમારે ઝેરી સાપે ડાબા પગની ટચલી આંગળીએ ડંખ માર્યા બાદ બાળકીને બેભાન હાલતમાં ખાનગી વાહનમાં લઈને પરિવાર ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચ્યો હતો ત્યારે ફરજ પરના તબીબે બાળકીને મૃત જાહેર કરી હતી.

આ બનાવ અંગે ચિલોડા પોલિસ સ્ટેશનના હે.કો. અમરતભાઈ જીવણભાઈએ સિવિલ હોસ્પિટલમાં પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલજ ખાતે વીજ કરંટથી આધેડનું મોત

ગાંધીનગર તાલુકાના પાલજ પાસે રામપુરા ગામે રાત્રીના સુમારે લાઈટના બોર્ડમાં પ્લગ લગાવવા જતા એક આધેડનું વીજ કરંટ લાગતા કરુણ મોત નિપજયું હતું. ચિલોડા પોલિસ સ્ટેશનથી મળતી મહિતી મુજબ તાલુકાના રામપુરા (પાલજ) ખાતે રહેતા બચુજી ગેલાજી ઠાકોર ઉ.વ. ૫૮ રાત્રિના અગિયાર વાગ્યાના સુમારે ઘરે લાઈટના બોર્ડમાં પ્લગ લગાવવા જતાં કરંટનો જોરદાર ઝાટકો લાગ્યા બાદ ઢળી પડયા હતા. બચુજીને બેભાન હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવતા ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા.

# સે-૨૮ જી.આઇ.ડી.સી ખાતે આંતરરાષ્ટ્રીય એમ.એસ.એમ.ઇ દિનની ઉજવણી

જિલ્લા ઉધોગ કેન્દ્ર, ગાંધીનગર અને જીઆઇડીસી એન્જીનીયરીંગ કોમ્પલેક્ષ એસોસીએશન, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય એમ.એસ.એમ.ઈ દિનની ઉજવણી કોમ્યુનીટી હોલ, જીઆઈડીસી, એન્જીનીયરીંગ એસ્ટેટ, સે-૨૮ ખાતે કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે ઔધોગિક નિતી-૧૫ અને જી.એસ.ટી અંગેના માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારને જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

સેમિનારમાં ઉપસ્થિત સી.એ શ્રી બ્રિજેશ ઠાકરે જી.એસ.ટી વિષયનું ખૂબ સરળ ભાષામાં અને પોતાની આગવી શૈલીમાં સર્વે વેપારીઓને સમજ આપી હતી. જી.એસ.ટીનું રજિસ્ટ્રેશન કેમ કરવું, વેપારીએ પોતાની એકાઉન્ટ કેમ રાખવું, જી.એસ.ટી નંબર લીધા બાદ વેપારીઓને શું શું કરવાનું છે, જેવી અનેક બાબતો પર પ્રકાશ પાડ્યો હતો. વેપારીઓએ પોતાના મનમાં થતા પ્રશ્નોનું નિરાકરણ પણ મેળવ્યું હતું. જીઆઈડીસી એન્જીનયરીંગ કોમ્પલેક્ષના પ્રમુખ શૈલેષભાઈ પટેલ, ગેઝીયાના પ્રમુખ હર્ષદભાઈ પટેલ, જીઆઈડીસીના સર્વશ્રી નરસિંહભાઈ પટેલ, કિશોરભાઈ પટેલ, જી. સી. પી. સી.ના પૂનમચંદ્રભાઈ રાઠોડ સહિત વેપારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સેકટર-૨ ખાતે ૨૯ જૂનથી ૧ જુલાઈ કલાઈમેન્ટ ચેન્જ વિષયક પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૭

કલાઈમેટ ચેન્જ વિષયની વૈજ્ઞાનિક માહિતી અને વિભાગની યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચે તેવા ઉમદા આશયથી રાજયના દરેક જિલ્લામાં ત્રિદિવસીય પ્રદર્શનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા. ૨૯મી જૂન થી તા. ૦૧ જુલાઈ, ૨૦૧૭ દરમ્યાન કલાઈમેટ ચેન્જ વિષયક ત્રિદિવસીય પ્રદર્શનનું આયોજન ભક્તિમાતા ભવન હોલ, સ્વામિનારાયણ મંદિરની પાછળ, સેકટર-૨/એ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન દરરોજ સવારના ૧૦ થી સાંજના ૭.૦૦ કલાક દરમ્યાન ખુલ્લું રહેશે. આ પ્રદર્શનની સાથે રહેણાંક મકાનો પરની સોલર રૂફટોપ યોજનાની અને તે અંગેની રાજય સરકારની સબસીડીની વિગતો પણ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.


**રી-ટેન્ડરીંગ જાહેર નિવિદા**

**વર્ષ - ૨૦૧૭-૧૮**

**ગાંધીનગર મહાનગરપાલિકા**

**બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે મુજબના કામ કરવા પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડર દ્વારા ભાવો મંગાવવામાં આવે છે.

| ટે.નં. | કામનું નામ | સંખ્યા | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|---|
| ૧૩ | ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર માટે નીલકમલ કંપની બ્રાન્ડ મોડેલ નંબર ૨૦૫૧ પ્લાસ્ટીક ખુરશી ખરીદવા બાબત | - | રૂ. ૧૫૦૦/- | રૂ. ૧,૧૨,૦૦૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૨૯/૬/૨૦૧૭ સાંજે ૪.૦૦ વાગેથી તા. ૧૦/૭/૨૦૧૭ સુધી સમય ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે. ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓન લાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર માટે ટેન્ડર ફીની રકમ તથા બાનાની રકમ (ઈ.એમ.ડી.)ના ડીમાન્ડ ડ્રાફ્ટ એફ.ડી.આર. તા. ૨૩/૭/૨૦૧૭ સમય ૧૬:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. અને તા. ૧૩/૭/૨૦૧૭ સમય ૧૭.૦૦ કલાકે ખોલવામાં આવશે. ઓનલાઈન ભાવો ઓપનીંગ અને ક્વોલિફાઈડ બીડરને જાણ કરવામાં આવશે.

**સ્થળ : ગાંધીનગર** **સહી/-**

**તા. ૨૭/૬/૨૦૧૭** **નાયબ મ્યુનિસિપલ કમિશનર**

**માહિતી/૮૬૨/૧૭-૧૮** **ગાંધીનગર મહાનગરપાલિકા**